**Research Review** **ISSN : 2321- 4708**
**The Refereed & Peer Review International Journal** **Oct. 2020, Year - 7 (90)**
**www.researchreviewonline.com** **Paper ID : RRJ397937**

# ડૉ. બાબાસાહેબ આંબેડકરના આર્થિક વિચારો

ડૉ. નંદલાલ નારાણ છાંગા
મદદનીશ પ્રાધ્યાપક- ઈતિહાસ
આર.આર. લાલન કોલેજ, ભુજ.
મો. ૯૯૭૯૭૯૭૯૮૨
ઈમેઈલ: ahirnandlal@gmail.com

---

**સારાંશ**

ભારતના બંધારણના ઘડવૈયા અને સ્વતંત્ર ભારતના પ્રથમ કાયદામંત્રી ડૉ. બાબાસાહેબ આંબેડકરે ભારતના વિકાસમાં અનેરું યોગદાન આપ્યું છે. તેઓએ અનેક ક્ષેત્રોમાં પોતાના વિચારો દ્વારા ભારતની પ્રગતિનો પાયો નાખવામાં પોતાનું યોગદાન આપ્યું હતું. બાબાસાહેબ આંબેડકરનું પ્રદાન ભારતમાં અનેક ક્ષેત્રે જોવા મળે છે. ખાસ કરીને સ્વતંત્ર ભારતનું બંધારણ તૈયાર કરવામાં તેમણે અમૂલ્ય યોગદાન આપેલ છે. તે ઉપરાંત સમાજની મુખ્ય ધારાથી વિખુટા પડેલા અનુસુચિત જાતી, નબળા વર્ગો  વગેરે માટે પણ તેમણે ખૂબ કામગીરી કરેલી છે. પ્રસ્તુત અભ્યાસમાં ડૉ. આંબેડકરે અર્થતંત્ર આપેલ પ્રદાન જેવાકે આઝાદી પહેલા મહારાષ્ટ્રના કેટલાક વિસ્તારમાં અસ્તિત્વમાં રહેલ 'ખોતી' પ્રથાને દૂર કરવી, આઝાદી પહેલાના ભારતીય અર્થતંત્ર વિશેના વિચારોની ચર્ચા કરવામાં આવી છે.

---

**પ્રસ્તાવના:**

બાબાસાહેબ આંબેડકરનું પ્રદાન ભારતમાં અનેક ક્ષેત્રે જોવા મળે છે. ખાસ કરીને સ્વતંત્ર ભારતનું બંધારણ તૈયાર કરવામાં તેમણે અમૂલ્ય યોગદાન આપેલ છે. તે ઉપરાંત સમાજની મુખ્ય ધારાથી વિખુટા પડેલા અનુસુચિત જાતી, નબળા વર્ગો  વગેરે માટે પણ તેમણે ખૂબ કામગીરી કરેલી છે. પ્રસ્તુત અભ્યાસમાં ડૉ. આંબેડકરે અર્થતંત્ર આપેલ પ્રદાન જેવાકે આઝાદી પહેલા મહારાષ્ટ્રના કેટલાક વિસ્તારમાં અસ્તિત્વમાં રહેલ 'ખોતી' પ્રથાને દૂર કરવી, આઝાદી પહેલાના ભારતીય અર્થતંત્ર વિશેના વિચારોની ચર્ચા કરવામાં આવી છે.

**'ખોતી' વ્યવસ્થાની નાબૂદી:**

ડૉ. બી. આર. આંબેડકરે વર્ષ ૧૯૩૭માં આવેલ 'ખોતી' વ્યવસ્થાને નાબૂદ કરવા માટેના કાયદામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ખોતી વ્યવસ્થા હેઠળ અંગ્રેજ સરકાર દ્વારા ખેડૂતો પાસેથી કર વસુલ કરવા માટેના વ્યક્તિઓની નિમણૂક કરવામાં આવતી હતી, જેને 'ખોત' તરીકે ઓળખવામાં આવતા હતા. આ



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-7-issue-90-october-2020/RRJ397937

વ્યવસ્થા મુખ્યત્વે રત્નાગિરી જિલ્લા, કોલાબા તથા થાણે જિલ્લાના કેટલાક ભાગોમાં અમલમાં હતી. ખોતનું કાર્ય ખેડૂતો પાસેથી કર એકત્ર કરીને અંગ્રેજ સરકારને આપવાનું હતું. આ પ્રથાના કારણે નાના ખેડૂતોનું ખૂબ શોષણ કરવામાં આવતું હતું. ખોત વ્યવસ્થા રૈયતવારી પ્રથા કરતાં અલગ હતી. રૈયતવારી પ્રથામાં ખેડૂતો સીધાં સરકારને કાર ભરતા હતા જયારે ખોતી પ્રથામાં ખેડૂત અને સરકાર વચ્ચે ખોતની નિમણૂક કરવામાં આવતી હતી. ખોતી વ્યવસ્થા ખોત લોકોને ઘણી સ્વતંત્રતા આપતી હતી, જેનો ઉપયોગ કરીને તેઓ ખેડૂતો સાથે જેવું ઈચ્છે તેવો વ્યવહાર કરી શકતા હતા. પરિણામે ખેડૂતોના શોષણની સાથે સાથે તેમની સાથે ખોટ લોકો દ્વારા ગુલામોની જેમ વ્યવહાર કરવામાં આવતું હતું. પરિણામે ડૉ. બી. આર. આંબેડકરે વર્ષ ૧૯૩૭માં આ વ્યવસ્થાને નાબૂદ કરવા માટે મુંબઈ પ્રેસિડેન્સીમાં કાયદો રજૂ કર્યો હતો.

**ડૉ. ભીમરાવ આંબેડકરનાં આર્થિક વિચારો:**

ડૉ. ભીમરાવ આંબેડકરે ઈ.સ. ૧૯૨૭માં પીએચ.ડી.ની ડીગ્રી અર્થશાસ્ત્ર વિષય સાથે મેળવી હતી. આથી આર્થિક બાબતોમાં તેમના વિચાર ખૂબ જ ઝીણવટ પૂર્વકના હતા. તેઓ ખેતીને ઉદ્યોગ તરીકે જોતા હતા. ડૉ. આંબેડકરના મતે બધા ઉદ્યોગોમાં ખેતી સૌથી મહત્વપૂર્ણ ઉદ્યોગ છે. કારણ કે એક તો ખેતી સૌથી પ્રાચીન ઉદ્યોગ છે અને બીજું એ કે અન્ય તમામ ઉદ્યોગો પ્રત્યક્ષ કે આ રીતે ખેતી પર આધારિત હતા. કૃષિ ઉદ્યોગ અનાજના ઉત્પાદન સાથે સંકળાયેલું હોવાથી તેઓ ખેતી પર વધુ ધ્યાન આપવાની સલાહ આપે છે.

એડમ સ્મિથને ટાંકીને તેમણે ભારતમાં ખેતરોના કદ વિષે લખ્યું છે કે જ્યાં જમીનને માત્ર નિર્વાહનું સાધન માનવામાં આવે છે ત્યાં પિતા તમામ સંતાનોના નિર્વાહ માટે સમાન રીતે જમીનના ભાગ કરે છે, આથી ત્યાં જમીનના કદ નાના જોવા મળે છે. પરંતુ જ્યાં જમીનને નિર્વાહના સાધનની સાથે સાથે સત્તા અને સુરક્ષા સાથે જોડીને જોવામાં આવે છે ત્યાં જમીન અવિભાજ્ય રહીને કોઈ એક પાસે જ રહે તેને સારું માનવામાં આવે છે.

ડૉ. બાબા સાહેબ આંબેડકર દ્વારા લખાયેલ પુસ્તક રૂપિયાની સમસ્યા: તેનો ઉદભવ અને સમાધાનમાં તેઓ જણાવે છે કે ઈંગ્લેન્ડનાં ઉદ્યોગોમાં વર્ષ ૧૮૯૨ સુધીમાં મંદી આવી ગઈ હતી. સાથે સાથે ઈંગ્લેન્ડમાં ૧૮૯૨માં કૃષિ ક્ષેત્રે પણ મંદી જોવા મળી હતી. જો કે ૧૯૮૨ની તુલનાએ મોસમ સારું હોવા છતાં પણ મંદીની સ્થિતિ જોવા મળતી હતી. પરંતુ ભારતમાં વ્યાપાર અને ઉદ્યોગોમાં પરિસ્થિતિ ઇંગ્લેન્ડ કરતાં જુદા પ્રકારની હતી. દેશના વ્યાપારમાં અમેરિકી સિવિલ યુધ્ધ દરમિયાન વધારો થયો હતો તેમાં ૧૮૭૦ પછી વધુ વધારો થયો. વીસ વર્ષના સમયગાળામાં દેશના આયાત અને નિકાસનું પ્રમણ બે ગણું થઇ ગયું હતું. વર્ષ ૧૮૭૯ થી ૧૮૯૨ દરમિયાન ભારતના ઉત્પાદિત માલની આયાતમાં ૩૯ ટકા તથા કાચામાલની આયાતમાં ૯૧ ટકા જેટલો વધારો થયો હતો. જયારે આ જ સમયગાળા દરમિયાન ભારતની ઉત્પાદિતની નિકાસમાં ૨૧૧ ટકા તથા કાચા માંકની નિકાસમાં ૪૩ ટકા જેટલો વધારો થયો હતો.

ઔદ્યોગિક વિકાસની આ પ્રક્રિયામાં બે મહત્વપૂર્ણ કારણો હતા. એક હતું કપાસના ઉત્પાદનમાં વૃદ્ધિ. કપાસનું ઉદ્યોગ ભારતના પ્રાચિનતમ ઉદ્યોગો પૈકીનો એક હતો. પરંતુ ૧૭૫૦ થી ૧૮૫૦ દરમિયાન તેમાં ખૂબ જ નુકસાન થયું હતું. પરંતુ ત્યારબાદ ઓગણીસમી સદીના છઠા દશકમાં કપાસ ઉદ્યોગને મૂડીવાદી આધાર પર પુનઃજીવિત કરવાના પ્રયાસો શરૂ થયા. પરિણામ સ્વરૂપ તેમાં ઝડપી વિકાસ થયો.

| કાપડ ઉદ્યોગમાં પ્રત્યેક પાંચ વર્ષ દરમિયાનની વ્યાપારમાં વૃદ્ધિ | | | |
|---|---|---|---|
| ક્રમ | વર્ષ | કાચા કપાસની ગાંસડીઓની આયાત (હજારમાં) | કાચા કપાસની ગાંસડીઓની નિકાસ (હજારમાં) |
| ૧ | ૧૮૭૦-૭૧ થી ૧૮૭૪-૭૫ | ૨૩ | ૫૨૩૬ |
| ૨ | ૧૮૭૫-૭૬ થી ૧૮૭૯-૮૦ | ૫૨ | ૩૯૮૮ |
| ૩ | ૧૮૮૦-૮૧ થી ૧૮૮૪-૮૫ | ૫૧ | ૫૪૭૭ |
| ૪ | ૧૮૮૫-૮૬ થી ૧૮૮૯-૯૦ | ૭૪ | ૫૩૩૦ |
| ૫ | ૧૮૯૦-૯૧ થી ૧૮૯૪-૯૫ | ૮૯ | ૪૬૬૦ |
| સ્ત્રોત: ડૉ. બાબા સાહેબ આંબેડકર દ્વારા લખાયેલ પુસ્તક રૂપિયાની સમસ્યા: તેનો ઉદભવ અને સમાધાન, પ્રકાશક: ડૉ. આંબેડકર પ્રતિષ્ઠાન, સામાજિક ન્યાય અને અધિકાર વિભાગ, ભારત સરકાર. | | | |

ઔદ્યોગિક વિકાસની આ પ્રક્રિયામાં બીજું મહત્વપૂર્ણ કારણ શણ હતું, જેના ઉત્પાદનમાં ભારતમાં ઝડપથી વધારો થયો હતો. કપાસની તુલનામાં શણ ઉદ્યોગનું વિકાસ ભારતમાં નવું હતું. તેના વિકાસમાં યુરોપનું મહત્વનું ફાળો હતો.

| શણ ઉદ્યોગમાં રોજગાર મેળવતા લોકોની સંખ્યા | | |
|---|---|---|
| ક્રમ | વર્ષ | પાંચ વર્ષ દરમિયાન રોજગાર મેળવનાર સરેરાશ લોકોની સંખ્યા |
| ૧ | ૧૮૭૫-૭૬ થી ૧૮૭૯-૮૦ | ૩૮૮૦૦ |
| ૨ | ૧૮૮૦-૮૧ થી ૧૮૮૪-૮૫ | ૩૮૮૦૦ |
| ૩ | ૧૮૮૫-૮૬ થી ૧૮૮૯-૯૦ | ૫૨૭૦૦ |
| ૪ | ૧૮૯૦-૯૧ થી ૧૮૯૪-૯૫ | ૬૪૩૦૦ |
| સ્ત્રોત: ડૉ. બાબા સાહેબ આંબેડકર દ્વારા લખાયેલ પુસ્તક રૂપિયાની સમસ્યા: તેનો ઉદભવ અને સમાધાન, પ્રકાશક: ડૉ. આંબેડકર પ્રતિષ્ઠાન, સામાજિક ન્યાય અને અધિકાર વિભાગ, ભારત સરકાર. | | |



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-7-issue-90-october-2020/RRJ397937

ભારતમાં આ દરમિયાન ઔદ્યોગિક વિકાસની અસર ભારતીય ખેતી પર પણ પડી હતી. એમ કહી શકાય છે કે ૧૮૭૦ પહેલા ભારતીય ખેડૂતનું દ્રષ્ટિકોણ વ્યાપારિક નહોતું. તે મોટાભાગે પોતાની જરૂરીયાતોની પૂર્તિ માટે ખેતી કરતો હતો. વર્ષ ૧૮૭૦ પછી તેમાં મહત્વપૂર્ણ પરિવર્તન આવ્યું. વર્ષ ૧૮૭૦ પછી ખેડૂત બજારને અનુરૂપ પાકોના ઉત્પાદન માટે ખેતી કરવા લાગ્યો. ભારતના આયાત અને નિકાસમાં ખૂબ મોટા પાયા પર વધારો થયો હતો જે નીચેના કોષ્ટક પરથી જાણી શકાય છે.

કાપડના ઉત્પાદનોની પૂર્વના બજારમાં નિકાસ

| વર્ષ | દોરા (હજાર પાઉન્ડમાં) | | કટ પીસ (હજાર મીટરમાં) | |
|---|---|---|---|---|
| | ભારતમાંથી | બ્રિટનમાંથી | ભારતમાંથી | બ્રિટનમાંથી |
| ૧૮૭૭ | ૭૯૨૭ | ૩૩૦૮૬ | ૧૫૫૪૪ | ૩૯૪૪૮૯ |
| ૧૮૭૮ | ૧૫૬૦૦ | ૩૬૪૬૭ | ૧૭૫૪૫ | ૩૮૨૩૩૦ |
| ૧૮૭૯ | ૨૧૩૩૨ | ૩૮૯૫૧ | ૨૨૫૧૭ | ૫૨૩૯૨૧ |
| ૧૮૮૦ | ૨૫૬૮૨ | ૪૬૪૨૬ | ૨૫૮૦૦ | ૫૦૯૦૯૯ |
| ૧૮૮૧ | ૨૬૯૦૧ | ૪૭૪૭૯ | ૩૦૪૨૪ | ૫૮૭૧૭૭ |
| ૧૮૮૨ | ૩૦૭૮૬ | ૩૪૩૭૦ | ૨૯૯૧૧ | ૪૫૪૯૪૮ |
| ૧૮૮૩ | ૪૫૩૭૮ | ૩૩૪૯૯ | ૪૧૫૩૪ | ૪૧૫૯૫૬ |
| ૧૮૮૪ | ૪૯૮૭૭ | ૩૮૮૫૬ | ૫૫૫૬૫ | ૪૩૯૯૩૭ |
| ૧૮૮૫ | ૬૫૮૯૭ | ૩૩૦૬૧ | ૪૭૯૦૯ | ૫૬૨૩૩૯ |
| ૧૮૮૬ | ૭૮૨૪૨ | ૨૬૯૨૪ | ૫૧૫૭૮ | ૪૯૦૪૫૧ |
| ૧૮૮૭ | ૯૧૮૦૪ | ૩૫૩૫૪ | ૫૩૪૦૬ | ૬૧૮૧૪૬ |
| ૧૮૮૮ | ૧૧૩૪૫૧ | ૪૪૬૪૩ | ૬૯૪૮૬ | ૬૫૨૪૦૪ |
| ૧૮૮૯ | ૧૨૮૯૦૭ | ૩૫૭૨૦ | ૭૦૨૬૫ | ૫૫૭૦૦૪ |
| ૧૮૯૦ | ૧૪૧૯૫૦ | ૩૭૮૬૯ | ૫૯૪૯૬ | ૬૩૩૬૦૬ |
| ૧૮૯૧ | ૧૬૯૨૫૩ | ૨૭૯૭૧ | ૬૭૬૬૬ | ૫૯૫૨૫૮ |

સ્ત્રોત: ડૉ. બાબા સાહેબ આંબેડકર દ્વારા લખાયેલ પુસ્તક રૂપિયાની સમસ્યા: તેનો ઉદભવ અને સમાધાન, પ્રકાશક: ડૉ. આંબેડકર પ્રતિષ્ઠાન, સામાજિક ન્યાય અને અધિકાર વિભાગ, ભારત સરકાર.

## સંદર્ભસૂચિ:


- Sunil Kumar(2019) Ambedkar's economic ideas and contributions, IOSR journal of humanities and social sciences

ISSN : 2321- 4708
Oct. 2020, Year - 7 (90)
Paper ID : RRJ397937


- डॉ. अम्बेडकर सम्पूर्ण वाङ्मय, खंड १२ रूपये की समस्या: इसका उद्भव और समाधान, डॉ. अम्बेडकर प्रतिष्ठान, सामाजिक न्याय और अधिकारिता मंत्रालय, भारत सरकार
- डॉ. अम्बेडकर सम्पूर्ण वाङ्मय, डॉ. अम्बेडकर, डॉ. अम्बेडकर प्रतिष्ठान, सामाजिक न्याय और अधिकारिता मंत्रालय, भारत सरकार